## -: સંસ્થાના સભ્ય થવા માટેના નિયમો :-

(૧) એક અરજી પત્રકની કિંમત પાંચ રૂપિયા રાખવામાં આવી છે.

(૨) એક વ્યક્તિને બેથી વધુ અરજીપત્રો મળશે નહિં. અરજીપત્રકની ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે નહિં.

(૩) અરજીપત્ર સાથે પાસપોર્ટ સાઇઝનાં બે કલર ફોટા જરૂરી છે.

(૪) સમસ્ત અનાવિલ જ્ઞાતિમાં પિતૃપક્ષે કે પતિપક્ષે અનાવિલ હશે, તે વ્યક્તિ આ મંડળનો સભ્ય થઇ શકશે.

(૫) આ સંસ્થાનું સભ્યપદ પ્રાપ્ત કરવા માટે ઓછામાં ઓછી ૨૧ વર્ષની વય જરૂરી છે. ૨૫ વર્ષ કે તેથી નીચેની વય ધરાવનારે જન્મ તારીખ બાબતે આધાર પત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અરજીપત્ર સાથે બિડાણ કરવી.

(૬) કાર્યવાહક સમિતિની મંજૂરી મળેથી, સંસ્થાનાં સભ્ય તરીકે જરૂરી સભ્યપદની ફી ભરેથી સભ્યપદ સ્વીકૃતી પામશે. જો સંસ્થાની કાર્યવાહક સમિતિ સંસ્થાનાં હિતમાં તે વ્યક્તિને સભ્યપદે સ્વીકારવા અસંમત હોય તો તેના કોઇપણ પ્રકારનાં કારણો તે વ્યક્તિને જણાવવા સંસ્થા બંધાયેલી રહેશે નહી.

(૭) સંસ્થાનાં વર્તમાન કર્મચારીઓ સંસ્થાનાં સભ્યો થઇ શકશે નહીં. અને આ અગાઉ સભ્ય થયા હશે. તો સંસ્થાનાં હોદ્દેદારોને લગતી કે અન્ય કોઇપણ કાર્યવાહી કે ચૂંટણીમાં ભાગ લઇ શકશે નહિ, કે મતદાન કરી શકશે નહી. અથવા ઉમદવારી નોંધાવી શકશે નહીં.

(૮) કોઇ પણ સભ્યનું નામ નીચે દર્શાવેલ સંજોગોમાં સભાસદ તરીકે રદ થશે.

(૧) જેનું મૃત્યુ થયું હશે.

(૨) જેણે સભાસદ તરીકે રાજીનામું આપ્યુ હશે અને જેનું રાજીનામું કાર્યવાહક સમિતિએ મંજુર કર્યું હશે.

(૩) અધુરી વિગતવાળા અરજીપત્ર અમાન્ય થશે. સભ્યપદ પછી પણ ખોટી વિગતો જણાશે તો સભ્યપદ કોઇપણ સમયે રદ થશે.

(૪) નવા વર્ગના સભ્યપદ પ્રાપ્ત થયેથી અગાઉનું સભ્યપદ આપોઆપ રદ થશે.

- આ નિયમો તથા હવે પછી ઘડાનારા બીજા નિયમો કે આ નિયમોમાં ફેરફાર થાય તો તે સઘળા નિયમો સભ્ય થનારને લાગુ પડી શકશે.
- આ નિયમો મેં વાંચ્યા છે અને તે મને બંધન કર્તા છે.

---

**અરજદારની સહી**